**DATE: 19/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ સ્ટેશન પાસે વાહન અટકાવ્યું હતું

# પ્લાસ્ટિકની બોટલોની આડમાં દારૂ લઈ જતો શખ્સ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ સ્ટેશન સર્કલ પાસે ચેકિંગમાં હતો. તે વેળાં કસક ગરનાળા તરફથી અશોક લેલન્ડ કંપનીની દોસ્ત ગાડી આવતાં તેનું ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં તપાસ કરતાં વાહનની પાછળભા ભાગે કોલ્ડ્રીંક્સની ખાલી પ્લાસ્ટિકની બોટલના 45 કટ્ટા ભરેલાં હતાં. ચાલકનું નામ પુછતાં તેનું નામ ચિરાગ ચતુર મકાણી ( રહે. વરણી વિલા સોસાયટી, અંકલેશ્વર) હોવાનું તેણે જણાવ્યું હતું. પુછપરછ વેળાં તેની વાતોમાં શંકાસ્પદ જણાતાં તપાસ કરતાં કેબીનના ભાગેથી મિણીયા થેલીમાં તપાસ કરતાં તેની પાસેથી કુલ 46 બોટલ વિદેશીદારૂ મળી આવ્યો હતો. જેના પગલે ટીમે ચિરાગ મકાણીની ધરપકડ કરી કુલ 35 હજારનો દારૂ, 15 હજાનો મોબાઈલ તેમજ વાહન મળી કુલ 2 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચિરાગ વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 20/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### 6માંથી 3 આરોપી સામે 3 - 3 ગુના નોંધાયેલાં છે

# નેત્રંગમાં ખેતરમાં ચાલતાં જુગારના અડ્ડા પર દરોડા, 6 ખેલી ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | નેત્રંગ



નેત્રંગ પીએસઆઈ રાજેન્દ્રસિંહ ગોહિલને બાતમી મળેલ કે કેલ્વીકુવાના મયુર ભક્તે એસ્સાર પેટ્રોલપંપ પાસેના ખેતરમાં જુગારનો અડ્ડો ચાલુ કર્યો છે જેથી દરોડો પાડી જુગારીયાઓને ઘેરી લેવાયાં હતાં. જુગાર રમતા છ જેટલા જુગારીયાઓને દબોચી લીધા હતા તેમની પાસેથી 15 હજાર રોકડા અને બાઈકો સહિત કુલ 1.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. દરોડા દરમિયાન જુગારનો અડ્ડો ચલાવતો મયુર નાસી છૂટયો હતો. અબ્દુલ ખત્રી, ડાહયા માછી, વિરમ ભરવાડ, દિલાવર રાઠોડ, સુનિલ વસવા, પિતાંબર પારઘીની અટકાયત કરવામાં આવી હતી. તેમને નેત્રંગ પોલીસ સ્ટેશનમાં લાવી તેમની વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. જુગારમાં ઝડપાયેલા 6 માંથી 3 ઉપર અગાઉ પણ ત્રણ ત્રણ ગુના નોંધાયા છે.

**DATE: 20/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એલસીબીએ ડ્રાઇવર- ક્લીનરની ધરપકડ કરી 3 વોન્ટેડ જાહેર કરાયાં

# માણાવદરના બૂટલેગરે માલેગાંવથી મંગાવેલો 1.82 લાખનો દારૂ ભરેલી ટ્રક મુલદથી ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જૂનાગઢના માણાવદરના બૂટલેગર મહારાષ્ટ્રના માલેગાંવથી મંગાવેલો વિદેશી દારૂનો જથ્થો અંકલેશ્વર નજીકથી એલસીબીએ ઝડપી પાડયો છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બૂટલેગરો યેનકેન પ્રકારે ગુજરાતમાં દારૂ ઘુસાડતાં હોય છે અને તેના માટે અવનવા કિમિયા અજમાવતાં હોય છે. જૂનાગઢના માણાવદરના બુટલેગરનો 1.82 લાખનો દારૂ એલસીબીએ ઝડપી પાડયો છે. માલેગાવ તરફથી આવતી ટ્રકને મુલદ ચોકડી પાસે અટકાવીને તલાશી લેવામાં આવતાં તેમાંથી દારૂના 38 બોક્સમાં રાખેલી 552 બોટલ મળી આવી હતી. ટ્રકના ડ્રાઈવર અને જુનાગઢના માણાવદર ગાયત્રી મંદિર પાછળ દ્વારકાપુરી સોસાયટીમાં રહેતા વિનય અરવિંદ સોભાસણ અને ક્લીનર કિશોર ઉર્ફે કિશન વિનોદ ચૌહાણની ધરપકડ કરી હતી. તેમની આકરી પૂછપરછ કરતા દારૂ માલેગાંવ મહારાષ્ટ્ર ના લખન નામના ઈસમના બે ઓળખીતા દારૂવાળાએ ભરી આપ્યો હતો અને દારૂ માણાવદરના બાવાવાડી ખાતે રહેતા બૂટલેગર લખમણઉર્ફે લખન અરજણ ઇછુડા ( આહીર ) એ મંગાવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે ડ્રાઈવર અને



ક્લીનરની ધરપકડ કરી છે જ્યારે 3 ઈસમોને ફરાર જાહેર કર્યા છે. ટ્રક સહિત કુલ 11.93 લાખનો મુદ્દામાલ જપ્ત કરીને બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 21/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# વિધવા મહિલાની મદદ કરતી અભયમની ટીમ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકા માંથી અભયમ ને એક ફોન આતા તેઓ સ્થળ પર પહોંચી મહિલા સાથે વાત કરતાં તેમણે જણાવ્યુ કે તેઓ વિધવા છે અને ખેતી કરી પોતાનું અને પોતાના બાળકોનું ગુજરાન ચલાવે છે. પરંતુ ભત્રીજો ઘરે આવી ઘરમાં હિસ્સો જોઈએ એમ કરી ઝઘડો કરી માર મારીને ઘર ની બહાર હાંકી કાઢીને ઘરને તાળું મારી દીધું હતું. આ ઘટના બાદ અભયમ ટીમ સ્થળ પર ભત્રીજા ને બોલાવી સલાહ સૂચનો આપ્યા હતા.

**DATE: 21/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJRAT MITRA PAGE-08**

# ઝઘડિયાના ગુમ યુવાનને શોધી ક્રાઈમ બ્રાન્ચે પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું



ઝઘડિયા, ભરૂચ: ઝઘડિયા ટાઉનના રાજપૂત ફરિયામાં રહેતા જયપાલસિંહ કમલજીતસિંહ પરમાર ગત ૧૦-૦૨-૨૦૨૪ના રોજ ગુમ થયો હતો. જે બાબતે જયપાલસિંહના પરિવારજનોએ ઝઘડિયા પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. આથી ભરૂચ જીલ્લા ક્રાઈમ બ્રાન્ચ તપાસમાં જોતરાઈ હતી. જે અન્વયે ઝઘડિયા ટાઉનમાંથી ગૂમ થયેલ જયપાલસિંહ, પાલેજ સિટી પોઈન્ટ હોટલ પાસે જોવા મળેલ છે તેવી બાતમી મળી હતી. જેના આધારે એલસીબીની ટીમે પાલેજની સિટી પોઈન્ટ હોટલ ખાતે તપાસ કરતાં તે મળી આવતા તેઓને સમજાવી ઝઘડિયા પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

**DATE: 22/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વોટ્સએપમાં વાતચીત કરવા માટે દબાણ કરી રહ્યો હતો

# ઝઘડિયામાં શિક્ષિકાનો પીછો કરી હેરાન કરતાં રોમિયો સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાની એક શાળામાં શિક્ષિકાને વોટસએપ પર વાત કરવા માટે દબાણ કરનારા કડવા તળાવના યુવાન સામે ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદી યુવતી તાલુકાની એક શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. યુવક અવારનવાર યુવતીનો પીછો કરીને તેને પોતાની સાથે વાત કરવાનું કહી હેરાન કરતો હતો.દરમિયાન હાલમાં આ યુવક શાળામાં રીશેષના સમયે આવ્યો હતોઅને યુવતીને તેની સાથે વાત કરવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ યુવતીએ તેના ભાઈને ફોન કરીને બોલાવ્યો હતો. પણ યુવાન તેના ભાઈને મારવા માટે દંડો લઈને આવ્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપીને ગાળો બોલતો ત્યાંથી જતો રહ્યો હતો.પોતાનો અવારનવાર પીછો કરીને હેરાન કરવાની વાત સાથે યુવતીએ સદર યુવક રજનીકાંત ગંભીર પટેલ (રહે.કડવાતળાવ તલોદરા તા.ઝઘડિયા)ના વિરૂધ્ધ ફરિયાદ લખાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 23/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE : 04**

### ડ્રાઇવરે માલિક પાસે રૂપિયાની માગણી કરી હતી

# સરફુદ્દીનથી જીપ ચોરી જનાર ડ્રાઈવર રાજસ્થાનથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મૂળ રાજસ્થાન રહેતા પ્રકાશ મનારામ ઘાંચીની બોલેરો કેમ્પર પીકઅપ ગાડી અંકલેશ્વર તાલુકાનાં સરફુદ્દીન ગામ પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ચાલતી હતી. જે પીકઅપ ગાડીનો રાજસ્થાનનો ચાલક ઈશ્વર બીજારામ સિરવી અને એક દિવસ માટે ચાલક તરીકે આવેલ લક્ષ્મણ નામનો ઈસમ ભેગા મળી ગત તારીખ-24 મી જાન્યુઆરીના રોજ 14 લાખની કિંમતની પીકઅપ ગાડીની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં.

પ્રકાશ ઘાંચી એ ગત તા 4 ફેબ્રુઆરીના રોજ અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરતા આ પીકઅપ ચોરીમાં સંડોવાયેલા ડ્રાઈવર ઈશ્વર બીજા રામ સિરવીને રાજસ્થાનથી ઝડપી પાડી 14 લાખની પીકઅપ રિકવર કરી હતી. તેમજ અન્ય ચાલક લક્ષ્મણ નામના ઈસમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે

**DATE: 24/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR**

# ઝઘડિયાની મુલદ ચોકડી પાસે ચોરી થયેલા મોબાઈલ સાથે શખ્સ ઝડપાયો

ઝઘડિયા તા.૨૩

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઈન્ચાર્જ પીઆઈના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ ટીમ સાથે અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.

બાતમીના આધારે મુલદ ચોકડી નજીક એક શખ્સ શંકાસ્પદ મોબાઈલ વેચવા માટે ફરે છે.એલસીબીની ટીમે મળેલી બાતમીના આધારે મુલદ ચોકડીની આજુબાજુ તપાસ કરતા મુલદ ચોકડી નજીકથી બાતમી મુજબનો શખ્સ મળી આવેલ હતો.જેની તપાસ કરતા તેની પાસેથી ચોરીમાં ગયેલા એક મોબાઈલ રૂ.૧૦ હજારનો મળી આવ્યો હતો.

પોલીસે આ મોબાઈલ કબજે લઈ ઝડપાયેલ ઈસમ કાળુભાઈ સૈવજી ભાઈ પટેલ હાલ રહે.ઉછાલી ગામ ટેકરા ફળિયું તા.અંકલેશ્વર જિ.ભરૂચ અને મુળ રહે.નર્મણા ગામ તા.જામજોધપુર જી.જામનગરનાને કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસને સોંપ્યો હતો. મોબાઈલ ચોરી અંગે ઝઘડિયા પોલીસ મથકમાં ગુનો નોંધાયેલો હતો.

**DATE: 24/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR**

પોલીસને પણ આપી હતી.

# અંકલેશ્વરના ગોયા બજારમાં આવેલા વેપારીના ગોડાઉનમાંથી ચોરી કરનાર શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા.૨૩

અંકલેશ્વરના ગોયા બજારમાં આવેલ એક ગોડાઉનમાંથી ગુટખા તેમજ સિગારેટના બોક્ષની ચોરી થઈ હતી જોકે પોલીસને ગણતરીના કલાકોમાં ઘરફોડ ચોરી નો ભેદ ઉકેલવામાં સફળતા હાંસલ થઈ હતી.

## પોલીસે ગણતરીના કલાકોમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

ગત તા.૨૧/૨/૨૪ થી તા.૨૨/૨/૨૪ ના રાત્રીના કોઈ પણ સમય દરમ્યાન અંકલેશ્વરના ગોયા બજારમાં ટાવર સામે આવેલ પાન મસાલાના જથ્થા બંધ વેપારીના ગોડાઉનમાંથી પાન મસાલાના બોક્ષ નંગ-૧૮ કુલ કિ ૩૦,૨૪૦ના તથા સીગરેટના બોક્ષ નંગ ૩૬ કુલરૂ. ૫૨,૨૦૦ તથા ડીવીઆર આશરે રૂ.૨૦૦૦ હજાર મળી કુલ રૂ.૮૪,૪૪૦ ના મત્તાની ચોરી થઈ હતી.જે ઘરફોડ ચોરીની તપાસ એ ડિવિઝન પોલીસે હાથ ધરતા મળેલી બાતમી આધારે એક ઈસમને તેના ઘરેથી પકડી પાડી તેની સઘન પુછપરછ કરતા એ ઈસમ ભાંગી પડયો હતો.આ ચોરી પોતે કરી હોવાની કબુલાત કરતા ચોરીમાં ગયેલી તમામ મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો હતો. પોલીસે સુરતી ભાગોળના વાવ ફળીયામાં રહેતા જયેશ નાનુ વસાવાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**DATE: 25/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE : 01**

### સ્ટેશન સર્કલ નજીકમાં ફરી રહ્યો હતો

# બારડોલીથી 9 મહિનાથી ગુમ યુવાન ભરૂચથી મળી આવ્યો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

બારડોલીના વાંકાનેરથી ગુમ થયેલાં યુવાનને ભરૂચ એલસીબીએ રેલ્વે સ્ટેશન સર્કલ નજીકથી શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું છે. એલસીબીની ટીમ ભરૂચ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, બારડોલીના વાંકાનેર ગામથી ગત તા. 13મી મે 2023ના રોજ ગુમ થનાર હિરેન બાબુ પટેલ કે, જેઓ ભરૂચ રેલ્વે સ્ટેશન સર્કલ નજીક ખાનગી વાહનમાં હોવાની વિગત જાણવા મળી હતી. આ દરમિયાન પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા તે મળી આવ્યાં હતાં. તેમને એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લાવીને પૂછપરછ કરી પરિવારને જાણ કરવામાં આવી હતી. છેલ્લા 9 મહિનાથી પરિવાર તેમની શોધખોળ કરી રહયો હતો દરમિયાન તે મળી આવતાં પરિવાર ગદગદ થઈ ઉઠયો હતો. પરિવારે ભરૂચ પોલીસનો આભારમાન્યો હતો.

**DATE: 25/02/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYA BHASKAR PAGE : 04**

### કારમાં માલસામાન સગેવગે કરતાં 3 ઝબ્બે

# અંકલેશ્વરમાં સેનેટરીની દુકાનમાં દરોડા, 85 હજારનો ભંગાર જપ્ત



ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીની સોમાની ચોકડી નજીક પાઈપ ફિટિંગ ( સેનેટરી)ની દુકાનમાં દરોડો પાડી પોલીસે 85 હજારનો શંકાસ્પદ માલસામાન કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચની પેરોલ ફર્લો સ્કવોડની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે સમયે રિદ્ધિ સિદ્ધિ શોપીંગ સેન્ટરમાં આવેલી રાજેન્દ્ર પાઈપ ફીટીંગ દુકાનમાંથી માલસામાન કારમાં સગેવગે કરવાની શંકાસ્પદ હિલચાલ થતી હોવાની બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. દુકાનમાં તપાસ કરવામાં આવતાં સ્ટીલના વાલ્વ, ફ્લેન્ચ તથા નટબોલ્ટનો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. દુકાનમાલિક રાજેશ જૈન પાસેથી યોગ્ય આધાર કે પુરાવા નહિ મળતાં આ તમામ મુદ્દામાલ તથા કાર જપ્ત કરાઈ હતી. સ્થળ પરથી દુકાનદારની સાથે પ્રેમસિંગ રાજપૂત અનેભુપત ખટીકની અટક કરી છે.